પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

હર ઘર તિરંગા

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૪૯ | ૮ ઓગસ્ટ, ૨૦૨૨, સોમવાર; શ્રાવણ સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો ડંકો

**ભારતના ફાળે મેડલ જ મેડલ, એક ઇવેન્ટમાં ગોલ્ડ-સિલ્વર : વૂમેન્સ જેવલિન થ્રોમાં અન્નુ રાનીએ બ્રોન્ઝ જીત્યો : હવે ટ્રિપલ જમ્પમાં ભારતીય પ્લેયર્સે ઇતિહાસ રચ્યો છે**



બર્મિંઘમ, તા.૭

કોમલવેલ્થ ગેમ્સમાં ૪૫ મેડલ સાથે ભારતના ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન થઈ રહ્યું છે. એથ્લેટિક્સમાં અનેક ચંદ્રકો મેળવવામાં ભારતના ખેલાડીઓએ જ્વલંત સફળતા પ્રાપ્ત કરી છે. આગામી દિવસોમાં જે ગતિએ ભારત આગળ ધપી રહ્યું છે એ જોતા કોમનવેલ્થ ગેમ્સમાં ભારત ટોપર રહેશે એવી આશા સેવાઈ રહી છે.

કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય ખેલાડીઓનું શાનદાર પ્રદર્શન જોવા મળી રહ્યું છે. ભારતને બોક્સિંગ બાદ હવે એથલેટિક્સમાં ગોલ્ડ- સિલ્વર અને બ્રોન્ઝ મેડલ મળ્યા છે. હવે ટ્રિપલ જમ્પમાં ભારતીય પ્લેયર્સે ઈતિહાસ રચ્યો છે. ભારત માટે ખુશીની વાત એ છે કે, આ ઈવેન્ટમાં ગોલ્ડ અને સિલ્વર બંને મેડલ ભારતીય પ્લેયર્સના નામે રહ્યા છે. ભારતના એલ્ડહાસ પોલ અને અબ્દુલ્લાએ શરૂઆતના બે સ્થાનોમાં જગ્યા બનાવી છે. જોકે ભારતને અત્યાર સુધી રેસલિંગમાં સૌથી વધારે મેડલ મળ્યા છે. શનિવારના પણ રવિ દહિયા, વિનેશ ફોગાટ, નવીન કુમારે તેમની શાનદાર રમત દેખાડી હતી.

ભારતી ટીમે વધુ એક ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. મેન્સ ટ્રિપલ જમ્પમાં એલ્ડહોસ પોલે ૧૭.૦૩ મીટરનો બેસ્ટ જમ્પ મારી ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો છે. આ ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ પણ મળ્યો છે. અબ્દુલ્લા અબુબકરે ૧૭.૦૨ મીટરનો શ્રેષ્ઠ જમ્પ મારતા જ સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યો છે.

૧૦ કિમી વોકમાં સંદીપ કુમારે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો છે. સંદીપે ૩૮ મિનિટ અને ૪૯.૨૧ સેકન્ડનો સમય કાઢીને મેડલ જીત્યો હતો. સંદીપનો આ પર્સનલ બેસ્ટ પણ રહ્યો છે. અન્નુ રાનીએ ભારતને વધુ એક મેડલ જીતાડ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## પેરા ટેબલ ટેનિસમાં ભાવિનાએ ગોલ્ડ તો સોનલ પટેલે જીત્યો બ્રોન્ઝ

**બંને ખેલાડીઓએ વધાર્યું ગુજરાતનું ગૌરવ : ભાવિના પટેલે ફાઇનલમાં નાઈજીરિયાની ક્રિસ્ટિયાના ઇકપેયોઈને ૧૨-૧૦, ૧૧-૨, ૧૧-૯થી પરાજય આપ્યો**

બર્મિંઘમ, તા.૭

ભારતીય પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે શનિવારે મોડી રાત્રે કોમનવેલ્થ ગેમ્સમાં મહિલા સિંગલ્સ '૩-૫ વર્ગ'માં ગોલ્ડ મેડલ તો સોનલબેન પટેલે બ્રોન્ઝ મેડલ કબજે કર્યો હતો. ટોક્યો પેરાલિમ્પિકના સિલ્વર મેડલ વિજેતા ભાવિના પટેલે અહીં ફાઈનલમાં નાઈજીરિયાની ક્રિસ્ટિયાના ઈકપેયોઈને ૧૨-૧૦, ૧૧-૨, ૧૧-૯થી પરાજય આપ્યો હતો. આમ ભાવિના અને સોનલ પટેલે દેશની સાથે ગુજરાતનું ગૌરવ પણ વધાર્યું છે. આ પહેલા ૩૪ વર્ષીય સોનલબેન પટેલે બ્રોન્ઝ મેડલના પ્લે-ઓફમાં ઈંગ્લેન્ડની સૂ બેલીને ૧૧-૫, ૧૧-૨, ૧૧-૩ થી હરાવ્યા હતા. તો પુરૂષ વર્ગમાં ભારતના રાજ અરવિંદન અલાગરે નાઈજીરિયાના ઈસાઉ ઓગુનકુનલે સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ભારતીય ખેલાડીને ૩-૧૧, ૬-૧૧, ૯-૧૧થી પરાજય મળ્યો હતો.



કોમનવેલ્થ ગેમ્સમાં અત્યાર સુધી ભારતના ખાતામાં કુલ ૪૦ મેડલ આવી ચુક્યા છે. જેમાં ૧૩ ગોલ્ડ, ૧૧ સિલ્વર અને ૧૬ બ્રોન્ઝ મેડલ મળ્યા છે. ભારત મેડલ ટેલીમાં પાંચમાં સ્થાને છે.

## અમિત પંઘાલે ઈંગ્લેન્ડના બોક્સરને હરાવી જીત્યો ગોલ્ડ

**ભારતના સ્ટાર બોક્સર અમિત પંઘાલે ૪૮-૫૧ કિલોગ્રામ ભાર વર્ગમાં ગોલ્ડ મેડલ કબજે કર્યો છે**



બર્મિંઘમ, તા.૭

કોમનવેલ્થ ગેમ્સમાં રવિવારે ભારતના ખાતામાં ત્રીજો મેડલ આવી ગયો છે. ભારતના સ્ટાર બોક્સર અમિત પંઘાલે ૪૮-૫૧ કિલોગ્રામ ભાર વર્ગમાં ગોલ્ડ મેડલ કબજે કર્યો છે. અમિત પંઘાલે ફાઈનલમાં ઈંગ્લેન્ડના બોક્સર કિયારન મેકડોનાલ્ડને હરાવી ગોલ્ડ મેડલ કબજે કર્યો છે. રવિવારે બોક્સિંગમાં આ ભારતનો બીજો ગોલ્ડ છે. આ પહેલા મહિલા બોક્સર નીતૂ ઘંઘાસે ગોલ્ડ મેડલ કબજે કર્યો હતો.

## બોક્સર નીતૂ ઘાંઘસને ગોલ્ડ, મહિલા હોકી ટીમે જીત્યો બ્રોન્ઝ

**ભારતીય મહિલા ટીમે ન્યૂઝીલેન્ડને પેનલ્ટી શૂટઆઉટમાં ૨-૧થી હરાવીને આખરે બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે**

બર્મિંઘમ, તા.૭

ભારતીય મહિલા હોકી ટીમે કોમનવેલ્થ ગેમ્સમાં ન્યૂઝીલેન્ડને હરાવી બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. ભારતીય મહિલા ટીમે ન્યૂઝીલેન્ડને પેનલ્ટી શૂટઆઉટમાં ૨-૧થી હરાવી બ્રોન્ઝ મેડલ કબજે કર્યો છે. રેગ્યુલર સમયમાં મેચ ૧-૧થી બરોબરી પર રહી હતી.

આ સાથે ભારતને બોક્સિંગમાં ગોલ્ડ મેડલ મળ્યો છે. ભારતની સ્ટાર બોક્સર નીતૂ ઘાંઘસે ઈંગ્લેન્ડની મહિલા બોક્સરને હરાવી ગોલ્ડ મેડલ કબજે કર્યો છે.



## ઈસરોના SSLV રોકેટનું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું

**આ સેટેલાઇટને ૭૫ સ્કૂલોની ૭૫૦ વિદ્યાર્થિનીએ બનાવી આઝાદી સેટેલાઇટને શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવી**

શ્રીહરિકોટા, તા.૭

ઈન્ડિયન સ્પેસ એન્ડ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ પોતાના પ્રથમ નાના રોકેટ 'સ્મોલ સેટેલાઈટ લોન્ચ વ્હીકલ'ને આજે લોન્સ કરી દીધુ છે. આ મિશનને SSLV-D1/ EOS-02 કહેવામાં આવી રહ્યું છે.



ઈસરોના રોકેટ એસએસએલવી D1 (SSLV-D1) એ સવારે ૯.૧૮ કલાકે શ્રીહરિકોટાથી ઉડાન ભરી હતી. ૫૦૦ કિલોગ્રામ સુધી સામાન લઈ જવાની ક્ષમતાવાળું આ રોકેટ એક પૃથ્વી અવલોકન ઉપગ્રહ -૦૨' (EOS-02) લઈ જશે, તેમાં માઈક્રોસેટેલાઈટ -૨ એ ના નામથી ઓળખવામાં આવે છે. તેનું વજન લગભગ ૧૪૨ કિલોગ્રામ છે.

ઈસરો પ્રમુખ એસ. સોમનાથે કહ્યુ કે ઈસરો મિશન કંટ્રોલ સેન્ટર સતત ડેટા લિંક હાસિલ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. જ્યારે લિંક સ્થાપિત કરી લેશે, દેશને જાણકારી આપવામાં આવશે. EOS02 એક અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ છે. જે ૧૦ મહિના માટે અંતરિક્ષમાં કામ કરશે. તેનું વજન ૧૪૨ કિલોગ્રામ છે. તેમાં મિડ અને લોન્ગ વેવલેન્થ ઈંફ્રારેડ કેમેરા લાગ્યા છે. જેનું રેજોલ્યૂશન ૬ મીટર છે. એટલે કે તે રાત્રે પણ નજર રાખી શકે છે.

વિદ્યાર્થિનીઓ દ્વારા બનાવવામાં આવેલા સેટેલાઈટ આઝાદી સેટ પોતાની ઉડાન ભરે એ પહેલા તેને ઔપચારિક રીતે તપાસ કરાઈ હતી. આજે સવારે શ્રી હરિકોટા ખાતે આ સેટેલાઈટનું લોન્ચિંગ થયું છે. આ સેટેલાઈટ બનાવવા દેશની ૭૫ શાળાની ૭૫૦ વિદ્યાર્થિનીઓએ યોગદાન આપ્યું છે. આ તમામ વિદ્યાર્થીનીઓને સેટેલાઈટ લોન્ચિંગ માટે શ્રી હરિકોટા લઈ જવાઈ હતી.

આવતીકાલે સવારે ૯:૦૦ કલાકે આ સેટેલાઈટને છોડવામાં આવશે. સેટેલાઈટમાં

● અનુસંધાન પાન-૭ પર

## બાટલા હાઉસમાં શંકાસ્પદ આતંકવાદી ઝડપાયો : દિલ્હીમાં ISIS મોડ્યૂલનો ખુલાસો

**એનઆઈએએ દિલ્હીથી આઈએસઆઈએસના કટ્ટર અને સક્રિય સભ્યની ધરપકડ કરી છે : સર્ચ અભિયાન બાદ તેને અરેસ્ટ કરવામાં આવ્યો છે**

નવી દિલ્હી, તા.૭

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) ને મોટી સફળતા હાથ લાગી છે. ૧૫ ઓગસ્ટ પહેલા એજન્સીએ દિલ્હીથી આઈએસઆઈએસના સક્રિય સભ્યની ધરપકડ કરી છે. આતંકીનું નામ મોહસિન અહમદ છે. તેની આઈએસઆઈએસ મોડ્યૂલની ગતિવિધિઓને લઈને સર્ચ બાદ ધરપકડ કરવામાં આવી છે.

એનઆઈએએ રવિવારે આરોપી મોહસિન અહમદ પુત્ર મોહમ્મદ શકીલ અહમદના આવાસમાં સર્ચ કર્યું હતું. તે વર્તમાનમાં એફ ૧૮/૨૭, જાપાની ગલી, જોગાબાઈ એક્સટેન્શન, બાટલા હાઉસમાં રહેતો હતો. એનઆઈએએ ૨૫ જૂને આઈપીસીની કલમ ૧૫૩એ અને ૧૫૩બી અને યૂએ (પી) અધિનિયમની કલમ ૧૮, ૧૮બી, ૩૮, ૩૯ અને ૪૦ હેઠળ કેસ દાખલ કર્યો હતો. ધરપકડ કરાયેલ આતંકી સંગઠન આઈએસઆઈએસનો કટ્ટરવાદી અને સક્રિય સભ્ય છે. તેની ધરપકડ કરવામાં આવી છે. જાણકારી અનુસાર એનઆઈએની ટીમે બાટલા હાઉસના એક ઘરમાં દરોડા પાડ્યા. જ્યાંથી શંકાસ્પદ મોહસિનની ધરપકડ કરવામાં આવી. દરોડા દરમિયાન ઘરમાંથી ઘણા વિવાદાસ્પદ દસ્તાવેજ મળ્યા છે. આરોપી આતંકી સંગઠનનો સક્રિય સભ્ય છે. એનઆઈએ આ મામલાની તપાસ કરી રહી છે. ૨૫ જૂને એનઆઈએએ એફઆઈઆર દાખલ કરી હતી. ત્યારબાદ સતત તપાસ કરવામાં આવી રહી હતી. પોલીસે પણ નજર બનાવી રાખી હતી.

મોહસિન પર સતત આઈએસઆઈએસના મોડ્યૂલમાં જોડાયેલા રહેવાનો આરોપ હતો. હવાલા, ક્રિપ્ટોકરન્સી દ્વારા પેસાની



લેતીદેતી થતી હતી. શંકાસ્પદ પર આરોપ છે કે તે હાટલા હાઉસમાં રહી આસપાસના લોકો અને વિદ્યાર્થીઓને ગતિવિધિઓમાં સામેલ કરવાનો પ્રયાસ કરતો હતો. એજન્સીએ સતત આતંકી પર નજર રાખી હતી.

જ્યારે પૂરાવા મળ્યા તો તેની ધરપકડ કરી લેવામાં આવે. હવે તે જાણવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે કે ક્રિપ્ટોકરન્સી અને હવાલા દ્વારા જે ટ્રાન્ઝેક્શન થયા છે તેને ફંડ કોણે આપ્યું. તેનો હેન્ડલર કોણ છે. તે આગળ કઈ જગ્યાએ પૈસાની સપ્લાય કરી રહ્યો હતો. કોને પૈસા મોકલી રહ્યો હતો. આ તમામ પાસાની તપાસ કરવામાં આવી રહી છે.

## ચીન ભારત વિરુદ્ધ દરિયામાં ઉંબાડિયું કરવાની તૈયારીમાં

**ચીને જાસૂસી જહાજ રવાના કર્યું : ચીને એક Spy Ship શ્રીલંકા તરફ રવાના કર્યું : ચીન ભારતના ન્યુક્લિયર પ્લાન્ટ પર નજર રાખી શકે તેમ છે**

બેઈજિંગ, તા.૭

ભારતને કોઈ પણ રીતે પરેશાન કરવું એ ચીનનો એક મુદ્દાનો કાર્યક્રમ હોય તેમ લાગે છે. હિમાલય સરહદ પર ભારત અને ચીન વચ્ચે છેલ્લા ત્રણ વર્ષમાં તણાવમાં અનેકગણો વધારો થયો છે અને હવે તે દક્ષિણમાં સમુદ્રકિનારે પહોંચી શકે છે.ભારતના પડોશી દેશ શ્રીલંકાએ દેવાળું ફુંક્યું છે અને દરેક ચીજ માટે તે હવે ભારત પાસે મદદ માંગે છે ત્યારે ચીનના પેટમાં તેલ રેડાયું છે. ચીન અત્યારની સ્થિતિનો ફાયદો ઉઠાવવા માંગે છે અને આ માટે તેનું યુઆન વાંગ નામનું એક જાસૂસી જહાજ શ્રીલંકા તરફ જઈ રહ્યું છે. જોકે, શ્રીલંકા જાણે છે કે આ જહાજના કારણે ભારત નારાજ થશે. તેથી શ્રીલંકાના વિદેશ મંત્રાલયે ચાઈનીઝ એમ્બેસીને વિનંતી કરી છે કે ચીનના જાસૂસી જહાજની મુલાકાતને મુલતવી રાખવામાં આવે.

ચીન પોતાના પડોશમાં નેવલ બેઝ નાખે તે ભારતને બિલકુલ પસંદ નથી અને આ અંગે શ્રીલંકા સમક્ષ વાંધો પણ ઉઠાવ્યો છે.

ચીનનું જાસૂસી જહાજ યુઆન વાંગ શ્રીલંકાના હેમ્બાન્ટોટા બંદર પર ઈંધણ ભરાવવા માટે ૧૧થી ૧૭ ઓગસ્ટ સુધી રોકાવાનું છે. આ જહાજને

● અનુસંધાન પાન-૭ પર

## ૨૮ કંપનીને ૪૫,૦૦૦ કરોડના આઈપીઓ લાવવા માટે મંજૂરી

**આ ફર્મોએ આઈપીઓ લાવવાની તારીખ જાહેર કરી નથી અને ઈશ્યૂ માટે યોગ્ય સમયની રાહ જોઈ રહ્યાં છે**

નવી દિલ્હી, તા.૭

માર્કેટ રેગુલેટરી સેબી (SEBI) એ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૦૨૩મા એપ્રિલ-જુલાઈ દરમિયાન ૨૮ કંપનીઓને ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ એટલે કે આઈપીઓ લાવવાની મંજૂરી આપી દીધી છે. તેના દ્વારા આ કંપનીઓ કુલ ૪૫,૦૦૦ કરોડ રૂપિયા ભેગા કરવાની યોજના છે.

જે ફર્મોએ આઈપીઓ લાવવા માટે નિયામકની મંજૂરી હાસિલ કરી છે, તેમાં લાઈફસ્ટાઈલ રિટેક બ્રાન્ડ ફેબઈન્ડિયા, એફઆઈએચ મોબાઈલ્સ અને ફોક્સકોન ટેક્નોલોજી સમૂહની સહાયક કંપની- ભારત એફઆઈએચ, ટીવીએસ સપ્લાય ચેન સોલ્યુશન, બ્લેકસ્ટોન સમર્થિત આધાર હાઉસિંગ ફાઈનાન્સ અને મૈકલિયોડ્સ ફાર્માસ્યુટિકલ્સ એન્ડ કિડ્સ ક્લિનિક ઈન્ડિયા સામેલ છે.

મર્ચેંટ બેંક્રરોએ કહ્યું કે આ ફર્મોએ હજુ સુધી પોતાના આઈપીઓ લાવવાની તારીખ જાહેર કરી નથી અને ઈશ્યૂ માટે યોગ્ય સમયની રાહ જોઈ રહ્યાં છે.

## યુપીએના ઉમેદવાર આલ્વાએ હારનું ઠીકરું સાથી પક્ષો પર ફોડ્યું

**કેટલાક વિપક્ષે એનડીએ ઉમેદવારનું સમર્થન કર્યું : ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં માગરિટ અલ્વાને એનડીએ ઉમેદવાર જગદીપ ધનખડે મોટા અંતરથી હરાવ્યા હતા**

નવી દિલ્હી, તા.૭

ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીનું પરિણામ શનિવારે સાંજે જાહેર થયું અને એનડીએ ઉમેદવાર જગદીપ ધનખડ વિજેતા જાહેર થયા હતા. જગદીપ ધનખડ દેશના આગામી ઉપરાષ્ટ્રપતિ હશે. જગદીપ ધનખડે વિપક્ષના ઉમેદવાર માર્ગરેટ અલ્વાને મોટા અંતરથી રાષ્ટ્રપતિની ચૂંટણીમાં માત આપી હતી. ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ માર્ગરેટ અલ્વાએ હારનું ઠીકરૂ વિપક્ષી દળો પર ફોડ્યું છે. તેમણે કહ્યું કે કેટલાક વિપક્ષી દળોએ એનડીએ ઉમેદવારનું સમર્થન કર્યું. પરંતુ તેમણે વિજેતા ઉમેદવાર ધનખડને શુભેચ્છા આપી હતી.

હાર બાદ માર્ગરેટ અલ્વાએ કહ્યું કે ચૂંટણી સંપન્ન થઈ ગઈ છે. આપણા બંધારણની રક્ષા કરવા માટે, લોકતંત્રને મજબૂત બનાવવા અને સંસદની ગરિમા બહાલ કરવા માટે સંઘર્ષ જારી રહેશે. ત્યારબાદ તેમણે વિપક્ષના તમામ નેતાઓ અને આ ચૂંટણીમાં તેમને મત આપનાર સાંસદોનો આભાર માન્યો હતો.

તેમણે કહ્યું કે ચૂંટણી વિપક્ષ માટે એક સાથે કામ કરવા, ભૂતકાળની વાતોને પાછળ છોડવા અને એકબીજા વચ્ચે વિશ્વાસ બનાવવાની તક છે. ભાજપનું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સમર્થન કરી, કેટલીક પાર્ટીઓ અને તેના નેતાઓએ પોતાની વિશ્વસનીયતાને નુકસાન પહોંચાડ્યું છે.

માર્ગરેટ અલ્વાએ કહ્યું કે

● અનુસંધાન પાન-૭ પર